RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 37 * Date: 26.11.2024,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મહારાષ્ટ્રમાં સસ્પેન્સ ખતમ : ફડણવીસ બનશે CM



મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૮૮માંથી ૧૩૨ બેઠક જીતીને ભાજપે બહુ મોટી સફળતા હાંસલ કરી લીધી છે. એવું કહેવાય છે કે, ભાજપે દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી બનાવવા માટે તૈયારી કરી લીધી છે. ફડણવીસને મુખ્યમંત્રી બનાવવા સામે અજિત પવારને પણ વાંધો નથી. સૂત્રોના જણાવ્યાનુસાર, એકનાથ શિંદેએ પણ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દેવાની તૈયારી કરી લીધી છે.

## ગુજરાત દૂધ ઉત્પાદનમાં દેશમાં ચોથા ક્રમે, વર્ષે ૧૭૨ લાખ મેટ્રિક ટનથી વધુ થાય છે ઉત્પાદન

ભારતમાં દૂધ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ આજીવિકાને સમૃદ્ધ બનાવવા માટે દર વર્ષે ૨૬મી નવેમ્બરના રોજ રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય દૂધ દિવસ શ્વેત ક્રાંતિના પિતા ડૉ. વર્ગીસ કુરિયનની જન્મ જયંતી નિમિત્તે ઉજવવામાં આવે છે. જેમાં દેશની સાથે-સાથે ગુજરાત રાજ્ય પણ દૂધ ઉત્પાદન ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. છેલ્લા ૨૨ વર્ષ દરમિયાન સમગ્ર દેશના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૮.૪૬ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. જેમાં ગુજરાતના દૂધ ઉત્પાદનમાં ૧૧૯.૬૩ લાખ મેટ્રિક ટન એટલે કે, સરેરાશ ૧૦.૨૩ ટકાનો વધારો જોવા મળ્યો છે.દૂધ એ માત્ર પોષણક્ષમ આહાર જ નહિ, પરંતુ ભારતના અનેક લોકો માટે આજીવિકાનું માધ્યમ બન્યું છે. ગ્રામીણ ભારતના અનેક નાગરીકો, ખાસ કરીને મહિલાઓ પશુપાલન વ્યવસાય પર નભે છે. ભારત વિશ્વફલક પર મિલ્ક પ્રોડક્શન હબ બન્યું છે, ત્યારે આજે ગુજરાત વાર્ષિક ૧૭૨.૮૦ લાખ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન અને ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૪૯ ટકાના યોગદાન સાથે દેશમાં ચોથા ક્રમાંકે છે.

## સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે અદાણી મુદ્દે હંગામો




સંસદના શિયાળુ સત્રની શરૂઆત થતાની સાથે જ તમામ નેતાઓ તરફથી આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થઈ ગયો છે. આ સંદર્ભમાં સોમવારે વિપક્ષી નેતાઓએ કહ્યું હતું કે, સરકાર અદાણી મુદ્દે જાહેરમાં ચર્ચા કરવા નથી ઈચ્છતી. સંસદના બંને ગૃહોમાં કામકાજ સ્થગિત કરીને આ મુદ્દે ચર્ચાની માંગ વચ્ચે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી.

આજે સોમવારે વિરોધ પક્ષોના નેતાઓએ લાંચના આરોપમાં અદાણી જૂથના સ્થાપક અધ્યક્ષ ગૌતમ અદાણી અને અન્ય પર યુએસ કોર્ટમાં કાર્યવાહી કરવાના મુદ્દે ચર્ચા કરવા માટે સ્થગિત રાખવાની નોટિસ આપી હતી. પરંતુ સંસદના બંને ગૃહોમાં સ્પીકરે ચર્ચા કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો અને કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવી હતી.

## અમરેલીના ધાતરવાડી ડેમ પાસે ધમધમી રહી છે બે ક્વોરી

અમરેલીના ધાતરવાડી ડામે પાસે ધમધમતી બે ક્વોરીને લઈને નજીકના ગામડાંના ખેડૂતોએ વિરોધ કર્યો. ખેડૂતોનું કહેવું છે કે, માઈનિંગના કારણે ખેડૂતોનો જીવાદોરી સમાન ધાતરવાડી ડેમ પર સીધી અસર થઈ રહી છે અને નુકસાન થઈ રહ્યું છે. સમગ્ર મામલે ખેડૂતો ક્વોરી બંધ કરાવવા માટે કલેક્ટર કચેરીએ પહોંચીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. મળતી માહિતી પ્રમાણે, અમરેલી જિલ્લામાં રાજુલાના ધાતરવાડી ડેમ ૧ નજીક આવેલી બે ક્વોરીના કારણે ડેમને ભારે નુકસાન થઈ રહ્યું છે. સમગ્ર મામલે વાવેરા, મોટા આગરીયા, ભાક્ષી, ધારેશ્વર સહીતની ગ્રામ પંચાયતના સરપંચો અને ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો. ખેડૂતોનું કહેવું છે કે, ધાતરવાડી ડેમ પાસે ધમધમી રહી છે બે ક્વોરીના કારણે તેની સીધી અસર ડેમ પર થઈ રહી છે. જેમાં ડેમ પાસે ચાલી રહેલી ક્વોરીને તાત્કાલિક ધોરણે બંધ કરવાની માગ સાથે સરપંચો અને ખેડૂતો જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા, જ્યાં તેમને 'ધાતરવડી ડેમ બચાવો'ના નારા સાથે વિરોધ પ્રદર્શન કર્યો હતો. સમગ્ર મામલે જો ક્વોરી બંધ કરવામાં નહી આવે તો ખેડૂતો સહિત વિવિધ સંગઠનો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી.



**તંત્રી સ્થાનેથી..**

## શેરબજારમાં મહારાષ્ટ્ર ચૂંટણીની ઈફેક્ટ, સેન્સેક્સમાં ૧૨૯૦ પોઈન્ટનો ઉછાળો, નિફ્ટી પણ રોકેટ

શેરબજારમાં આજે ખુલતાંની સાથે જ ધૂમ તેજી જોવા મળી હતી. છેલ્લા કેટલાક સમયથી સેન્સેક્સ અને નિફ્ટી સતત ગગડી રહ્યા હતા પરંતુ શુક્રવારે ફરી એકવાર તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જેના બાદ આજે સોમવારે નવા અઠવાડિયાની શરૂઆતમાં જ સેન્સેક્સ એકઝાટકે ૧૨૯૦ પોઇન્ટ ઉછળ્યો હતો. મહારાષ્ટ્ર ચૂંટણીમાં મહાયુતિના ભવ્ય વિજયની અસર દેખાતા સેન્સેક્સમાં મોટો ઉછાળો દેખાયો. અગાઉ ૭૯૧૧૭.૧૧ પર બંધ થયા બાદ આજે ફરી એકવાર સેન્સેક્સ ૮૦ હજારની સપાટી કૂદાવતા ૮૦૪૦૭.૦૦ પોઇન્ટની સપાટીને સ્પર્શી ગયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ રોકેટ જેવી સ્થિતિ દેખાઈ હતી. નિફ્ટી અગાઉ ૨૩૯૦૭.૨૫ પર બંધ થયો હતો જે આજે સોમવારે ૨૪૩૧૨.૫૦ ની ઊંચી સપાટીને સ્પર્શી ગયો હતો. આજે નિફ્ટીમાં એકઝાટકે ૪૦૫ પોઈન્ટનો વધારો નોંધાયો હતો. જેનાથી રોકાણકારોને મોટો ફાયદો થયો હતો.શેરબજારમાં સાર્વત્રિક ઉછાળાના માહોલ વચ્ચે બીએસઈ ખાતે રોકાણકારોની મૂડીમાં ૯ લાખ કરોડનો વધારો થયો છે. ૩૩૦ શેર્સમાં અપર સર્કિટ અને ૨૦૭ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. ૧૭૧ શેર્સ વર્ષની ટોચે પહોંચ્યા છે. બીએસઈ ખાતે એસબીઆઈ ૩.૬૨ ટકા, લાર્સન એન્ડ ટુબ્રો ૩.૬૦ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૧૧ ટકા ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો.અદાણી ગ્રુપના શેર્સમાં પણ આકર્ષક રિકવરી જોવા મળી છે. સેન્સેક્સ પેકમાં સામેલ ?દાણી પોર્ટ્સ ૨.૪૪ ટકા ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો. અદાણી એન્ટરપ્રાઈઝિસ ૩.૦૨ ટકા, અદાણી ટોટલ ગેસ ૨.૨૨ ટકા, જ્યારે અદાણી ગ્રીન એનર્જી ૧.૬૭ ટકા ઉછાળે કારોબાર થઈ રહ્યો છે.

# ગુજરાતના દૂધ ઉત્પાદનમાં ગત ૨૨ વર્ષ દરમિયાન ૧૧૯.૬૩ લાખ મેટ્રિક ટનનો વધારો; સરેરાશ ૧૦.૨૩ ટકાનો વધારો

સંપૂર્ણ આહાર ગણાતા દૂધમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ અને વિટામિન્સ ઉપલબ્ધ હોવાથી દૂધને એક શ્રેષ્ઠ અને આરોગ્યપ્રદ આહાર માનવામાં આવે છે. દૂધની મહત્વતાને ઉજાગર કરવા, ભારતમાં દૂધ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ આજીવિકાને સમૃદ્ધ બનાવવા માટે દર વર્ષે તા. ૨૬મી નવેમ્બરના રોજ રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાષ્ટ્રીય દૂધ દિવસ શ્વેત ક્રાંતિના પિતા ડૉ. વર્ગીસ કુરિયનની જન્મ જયંતી નિમિત્તે ઉજવવામાં આવે છે.



દૂધ એ માત્ર પોષણક્ષમ આહાર જ નહિ, પરંતુ ભારતના અનેક લોકો માટે આજીવિકાનું માધ્યમ બન્યું છે. ગ્રામીણ ભારતના અનેક નાગરીકો, ખાસ કરીને મહિલાઓ પશુપાલન વ્યવસાય પર નભે છે. પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલા નાગરીકોની આવક વધારવા તેમજ પશુની દૂધ ઉત્પાદકતા વધારવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકાઈ છે. પરિણામે આજે ભારત વિશ્વફલક પર ''મિલ્ક પ્રોડક્શન હબ'' બન્યું છે.

★ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન ૭.૪૯ ટકા★

દેશની સાથે-સાથે ગુજરાત રાજ્ય પણ દૂધ ઉત્પાદન ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. છેલ્લા ૨૨ વર્ષ દરમિયાન સમગ્ર દેશના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૮.૪૬ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે, જેની સામે આ સમયગાળા દરમિયાન ગુજરાતના દૂધ ઉત્પાદનમાં ૧૧૯.૬૩ લાખ મેટ્રિક ટન એટલે કે, સરેરાશ ૧૦.૨૩ ટકાનો વધારો જોવા મળ્યો છે. આજે ગુજરાત વાર્ષિક ૧૭૨.૮૦ લાખ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન અને ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ૭.૪૯ ટકાના યોગદાન સાથે દેશમાં ચોથા ક્રમાંકે છે.

★ગુજરાતની માથાદીઠ દૂધ ઉત્પાદકતામાં અભૂતપૂર્વ વધારો★

ગુજરાતના દૂધ ઉત્પાદનમાં વધારો થતાં, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતામાં પણ છેલ્લા ૨૨ વર્ષ દરમિયાન અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૦૦-૦૧માં ગુજરાતની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા માત્ર ૨૯૧ ગ્રામ પ્રતિ દિવસ હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં સમગ્ર દેશની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૪૫૯ ગ્રામ પ્રતિ દિવસ સુધી પહોંચી છે, ત્યારે ગુજરાતની માથાદીઠ દૂધ ઉત્પાદકતા ૬૭૦ ગ્રામ પ્રતિ દિવસ થઈ છે.

★પશુપાલકો અને ગ્રાહકો વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવતું અમૂલ ફેડરેશન★

ગુજરાતમાં પશુપાલકો અને ગ્રાહકો વચ્ચે અમૂલ ફેડરેશન સેતુરૂપ ભૂમિકા ભજવી રહ્યું છે. વર્ષ ૧૯૭૩માં માત્ર ૬ સભ્ય સંઘો અને રૂ. ૪૯ કરોડના ટર્નઓવર સાથે શરુ થયેલું અમૂલ ફેડરેશન હાલ ગુજરાતમાં ૧૮ સભ્ય સંઘો ધરાવે છે. આ ૧૮ સભ્ય સંઘોના માધ્યમથી અમૂલ ફેડરેશન પ્રતિદિન રાજ્યભરમાંથી ૩ કરોડ લીટરથી પણ વધુ દૂધ એકત્રિત કરે છે. ગુજરાતમાંથી એકત્રિત કરેલા દૂધમાંથી વિવિધ પ્રોડક્ટ બનાવી અમૂલ તેનું ભારતભરમાં તેમજ ૫૦ જેટલા વિવિધ દેશોમાં પણ વેચાણ કરી રહ્યું છે. ડેરી વિકાસના અમૂલ મોડેલે પશુપાલકોનાં સામાજિક આર્થિક વિકાસ માટે આત્મનિર્ભર મોડેલ રચીને વિશ્વભરમાં ભારતને ગૌરવ અપાવ્યું છે.

★ગુજરાતની દૂધ ઉત્પાદકતા વધારવા ગુજરાત સરકારના પ્રયાસો★

ગુજરાતને દેશનું 'મિલ્ક કેપિટલ' બનાવવા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાથ ધરેલા અભિયાનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. ગુજરાતની દૂધ ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો કરવામાં આવ્યા છે.

પાટણ ખાતે ''સેક્સડ સીમેન લેબોરેટરી'' કાર્યરત કરવાનો નિર્ણય હિતકારી પૂરવાર થઈ રહ્યો છે. આ લેબમાં ઉત્પાદિત થતા સેક્સડ સીમેન ડોઝનાં ઉપયોગથી ૯૦ ટકાથી વધુ પશુઓ સારી ઓલાદની વાછરડી-પાડીને જન્મ આપી રહ્યા હોવાથી રાજ્યની દૂધ ઉત્પાદકતામાં સતત વધારો થઈ રહ્યો છે. આટલું જ નહિ, પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારની સંસ્થાઓ ખાતે પશુઓમાં સેક્સડ સીમેન ડોઝથી કૃત્રિમ બીજદાન કરવા માટે હાલમાં લેવામાં આવતી ફી પણ રૂ. ૩૦૦ થી ઘટાડીને રૂ. ૫૦ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ઈનવિટ્રો ફર્ટીલાઈઝેશન અને એમ્બ્રીઓ ટ્રાન્સફર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા અને વધુ દૂધ ઉત્પાદન ધરાવતા માદા પશુઓ થકી વધુમાં વધુ પશુઓ બચ્ચાને જન્મ આપી શકે તે માટે સરકાર દ્વારા પશુઓમાં પણ ઁફ્લને પ્રોત્સાહન આપાઈ રહ્યું છે. પરંતુ તેમાં પશુપાલકને થતા આશરે રૂ. ૨૫,૦૦૦ના ખર્ચ સામે કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ તેમજ પ્ઝસ્સ્ફ્લ દ્વારા કુલ મળી રૂ. ૧૯,૭૮૦ સહાય આપવામાં આવે છે. જેથી પશુપાલકો માત્ર રૂ. ૫,૦૦૦ ખર્ચીને પશુઓમાં ઁફ્લ કરાવી શકે.

ગુજરાત સરકારે છેલ્લા ૨૨ વર્ષમાં હાથ ધરેલા આવા અનેક પ્રયાસોના પરિણામે વર્ષ ૨૦૦૦-૨૦૦૧ની સરખામણીએ વર્ષ ૨૦૨૨-૨૩માં દેશી ગાયની દૂધ ઉત્પાદકતામાં ૫૭ ટકા, સંકર ગાયની દૂધ ઉત્પાદકતામાં ૩૧ ટકા, ભેંશની દૂધ ઉત્પાદકતામાં ૩૮ ટકા અને બકરીની દૂધ ઉત્પાદકતામાં સરેરાશ ૫૧ ટકા જેટલો વધારો થયો છે.

# સંભલ જામા મસ્જિદ બબાલમાં મૃતકાંક ૪ થયો, પશ્ચિમ યુપીમાં હાઈએલર્ટ, ઈન્ટરનેટ-સ્કૂલ બંધ



ઉત્તરપ્રદેશના સંભલમાં સ્થિતિ બગડતી જઈ રહી છે. જામા મસ્જિદના સરવેને લઈને અહીં ફાટી નીકળેલી હિંસામાં મૃત્યુઆંક ચાર પર પહોંચી ગયો છે. સ્થિતિને જોતા સમગ્ર પશ્ચિમ યુપીમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સંભલમાં ઈન્ટરનેટ હજુ પણ બંધ છે. માહિતી અનુસાર, સંભલ વિસ્તારની શાળાઓને પણ સોમવારે બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે રવિવારના રોજ સંભલમાં કોર્ટના આદેશ પર કોર્ટ કમિશનરની ટીમ બીજી વખત શાહી જામા મસ્જિદમાં સર્વે માટે પહોંચી ત્યારે હોબાળો થયો હતો. સવારે લગભગ પોણા નવ વાગ્યાની આસપાસ, ઉગ્રવાદીઓએ પહેલા જામા મસ્જિદની બહાર અને પછી નખાસા વિસ્તારમાં પોલીસ પર ભારે પથ્થરમારો કર્યો હતો. તેઓએ બંને સ્થળોએ ઓછામાં ઓછા એક ડઝન વાહનોને સળગાવી દીધા હતા.

આ દરમિયાન એસપીના પીઆરઓ, સીઓ અને કોતવાલ સહિત એક ડઝન પોલીસકર્મી ઘાયલ થયા હતા. બીજી તરફ વારંવાર સમજાવવા છતાં પણ ટોળું શાંત ન થતાં પોલીસે વળતો જવાબ આપતા પહેલા ટીયર ગેસના શેલ છોડ્યા અને પછી લાઠીચાર્જ કર્યો.

# ભાજપ સામે 'લાચાર' શિંદે સેના માટે અજિત પવાર માથાનો દુ:ખાવો, ફડણવીસને થશે મોટો ફાયદો!

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધનને મોટી જીત મળી છે. આ પછી પણ હજુ સુધી મુખ્યમંત્રીને લઈને ચિત્ર સ્પષ્ટ થયું નથી. એક તરફ ૧૩૨ બેઠક મળ્યા બાદ ભાજપના નેતાઓ ઉત્સાહિત છે અને દેવેન્દ્ર ફડણવીસને સીએમ બનાવવાની માંગ કરી રહ્યા છે તો બીજી તરફ એકનાથ શિંદેની શિવસેના પણ આશાવાદી છે. શિવસેનાના ઘણા નેતાઓનું કહેવું છે કે આ ચૂંટણી એકનાથ શિંદેના નેતૃત્વમાં લડવામાં આવી હતી, તેથી તેમને જ મુખ્યમંત્રી બનાવવામાં આવે. ત્યારે અજિત પવાર ભાજપ માટે આશાનું કિરણ બની ગયા છે. અત્યાર સુધી ગઠબંધન માટે ચિંતાનું કારણ ગણાતા અજિત પવાર અને તેમની એનસીપી હવે ભાજપના હિતમાં હોવાનું જણાય છે. અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ વચ્ચેના અંગત સંબંધો ખૂબ સારા હોવાથી એનસીપીના ધારાસભ્યો ઈચ્છે છે કે દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બને. ૨૦૧૯માં પણ બંનેએ શપથ લીધા હતા, પરંતુ સરકાર ચલાવી શક્યા ન હતા. એક કારણ એવું પણ છે કે એનસીપી અને ભાજપનો ટેકો અલગ-અલગ વિસ્તારોમાં છે. જ્યારે શિવસેના તમામ સીટો પર એનસીપી સાથે સીધી લડાઈ કરી રહી છે. આથી એનસીપી ઈચ્છે છે કે દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બને. જ્યારે શિવસેનાના નેતાઓને લાગે છે કે કદાચ ભાજપે ગઠબંધન ધર્મને આગળ



વધારવા માટે એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવા જોઈએ. જો કે, એક નેતાએ કહ્યું કે અમને આશા છે કે ભાજપ એકનાથ શિંદેને તક આપશે, પરંતુ અમે એ પણ જાણીએ છીએ કે તેમને ૧૩૨ બેઠકો મળી છે અને અમે દબાણ લાવવાની સ્થિતિમાં નથી. જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં બહુમત માટે ૧૪૫ બેઠકની જરૂર છે અને ભાજપને સત્તામાં આવવા માટે માત્ર ૧૩ બેઠકની જ જરૂર છે. આ સિવાય અજિત પવારની દ્રઝ પાસે પણ ૪૧ બેઠક છે, જ્યારે એકનાથ શિંદે પાસે ૫૭ બેઠક છે. આ રીતે ભાજપ એક ભાગીદારની મદદથી પણ સરકાર બનાવવાની સ્થિતિમાં છે.

## રીપલની પત્નીએ પતિના બચાવમાં કરી વકીલાત, કહ્યું, 'મગજની દવા ચાલતી હોવાથી આવું થયું'

આજે વહેલી અમદાવાદના બોપલ-આંબલી રોડ પર ઓડીના કારચાલક રીપલ પંચાલે નશાની હાલતમાં ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી ૫ થી ૭ વાહનોને અડફેટે લીધા હતા. ત્યારબાદ પોલીસે તેની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી દીધી છે. તેના બ્લડના નમૂના લઈને લેબોરેટરીમાં મોકલી દેવામાં આવ્યા છે. રીપલ પંચાલને અકસ્માત સર્જાયા બાદ પણ કોઈપણ પ્રકારનો અફસોસ ન હોવાનું તેણે સ્વિકાર્યું હતું.

તો બીજી તરફ અકસ્માત સર્જનાર રીપલ પંચાલની પત્નીનું નિવેદન સામે આવ્યું છે કે હું સવારે મહુડી દર્શન કરવા ગઇ હતી. રીપલ માનસિક તણાવમાંથી પસાર થઇ રહ્યો છે. છેલ્લા એક દોઢ વર્ષનથી રીપલની સારવાર પણ ચાલી રહી છે. કદાચ તેણે સવારે દવા લીધી હશે તેની એકદમ અસર થઇ હશે તેના કારણે આ ઘટના સર્જાઇ હોવાનું મને લાગી રહ્યું છે. જેમને ઈજા પહોંચી છે તેઓ ઝડપથી સાજા થાય તેવી ભગવાનને પ્રાર્થના કરું છું. રાત્રે અમે સાથે ડીનર કરવા ગયા હતા. ત્યારબાદ હું મારી દીકરીને લઇને ઘરે આવી ગઇ હતી અને રીપલ કોફી પીવા ગયો હતો અને પછી ઘરે આવી સૂઇ ગયો હતો. ત્યારબાદ વહેલી સવારે નિકળ્યા બાદ આ ઘટના સર્જાઇ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રીપલની પત્નીએ એ પણ સ્વિકાર્યું છે કે તે દારૂનું સેવન કરે છે.

# વિશ્વના સૌથી શક્તિશાળી દેશોમાં અમેરિકા પ્રથમ, ભારત ચોથા ક્રમે, ગ્લોબલ પાવર ઈન્ડેક્સ જાહેર

કેટલાક દેશો વચ્ચે યુદ્ધની સ્થિતિ દરમિયાન વિશ્વના ક્યા દેશ સૈન્ય ક્ષમતાની દ્રષ્ટીએ સૌથી શક્તિશાળી છે. આ મામસે એક રિપોર્ટ જાહેર કરાયો છે. જેમાં દાવો કરાયો છે કે સૌથી શક્તિશાળી દેશોની યાદીમાં અમેરિકા પહેલા સ્થાન પર છે. જ્યારે બીજા ક્રમે રશિયન સૈન્ય છે. ત્રીજા ક્રમે ચીન અને ચોથા ક્રમે ભારતીય સૈન્યનો સમાવેશ થાય છે. આ યાદી ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેક્સ દ્વારા જારી કરાઈ છે.અમેરિકન સૈન્યમાં જવાનોની સંખ્યા ભારતીય સૈન્ય કરતા પણ ઓછી છે. જો કે તેની પાસે હથિયારોની સંખ્યા વધુ હોવાથી તે ટોચના સ્થાને રહ્યું છે. આંકડા મુજબ ભારતીય સૈન્યમાં જવાનોની સંખ્યા ૫૧ લાખથી પણ



વધુ છે. જ્યારે અમેરિકામાં આ સંખ્યા ભારતીય સૈન્ય કરતા પણ અડધી એટલે કે માત્ર ૨૧ લાખ જ છે. અમેરિકા સૈન્ય પાછળ ૮૭૬ બિલિયન ડોલરનો ખર્ચ કરે છે. રશિયા આ ક્રમમાં બીજા નંબર પર છે જે પ્રતિ વર્ષ સૈન્ય પાછળ ૮૬ બિલિયન ડોલરનો ખર્ચો કરે છે.ચીનનો સૈન્ય ખર્ચ લગભગ ૨૯૨ બિલિયન ડોલર છે. ચીન પાસે ૩૧૬૬ વિમાન અને ૪૯૫૦ ટેંકો છે, સૌથી શક્તિશાળી દેશોમાં ભારત ચોથા ક્રમ પર છે. ભારતનો સૈન્ય ખર્ચ ૮૧ બિલિયન ડોલર છે. આ યાદીમાં પાંચમા ક્રમ પર સાઉથ કોરિયા છે, જ્યારે બ્રિટન છઠ્ઠો સૌથી શક્તિશાળી દેશ માનવામાં આવે છે.વિશ્વની સૌથી શક્તિશાળી સૈન્યમાં પાકિસ્તાન નવમાં સ્થાન પર છે. અમેરિકા પાસે ૨૧,૨૭૫૦૦ જવાનો, ૧૩,૨૦૯ એરક્રાફ્ટ, ૪૬૫૭ ટેકો છે, રશિયા પાસે ૩૫,૭૦૦૦૦ જવાનો, ૪,૨૨૫ એરક્રાફ્ટ, ૧૪,૭૭૭ ટેંકો છે જે અમેરિકા કરતા વધુ છે. ચીન પાસે ૩૧,૭૦૦૦૦ જવાનો, ૩, ૩૦૪ એરક્રાફ્ટ, ૫ હજાર ટેંકો છે, ભારત પાસે ૫૧,૩૭૫૫૦ જવાનો જે સૌથી વધુ માનવામાં આવે છે, ૨,૨૧૬ એરક્રાફ્ટ, ૪૬૧૪ ટેંકો છે.

## જામનગરના કૈલાસ ગામમાં રહેતા ખેડૂત યુવાન પર જૂની અદાલતના કારણે હુમલો : ત્રણ સામે ફરિયાદ

જામનગર તાલુકાના ખેડૂત યુવાન પર જૂની અદાવતનું મનદુ:ખ રાખીને ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. જામનગર નજીક ખીલોસ ગામમાં રહેતા અને ખેતી કામ કરતા યશપાલસિંહ ઉર્ફે નિલેશસિંહ જાડેજા નામના ૪૫ વર્ષના ખેડૂત યુવાન પર જૂની અદાવતનું મનદુ:ખ રાખીને અરવિંદસિંહ મેરુભા જાડેજા, કૈલાશભાઈ બાબુભાઈ તેમજ લાલા મહારાજ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી તથા આરોપી અરવિંદસિંહને બાળકો અંગેની તકરારમાં સાત મહિના પહેલાં બોલાચાલી થઈ હતી, જેનું મન દુ:ખ રાખીને ત્રણેય આરોપીઓ ઈકો કારમાં આવ્યા હતા, અને આ હુમલો કરીને ફરીથી કારમાં ભાગી છૂટ્યા હતા. જે ત્રણેય આરોપીઓ સામે પોલીસે ગુનો નોંધી તેઓની શોધખોળ હાથ ધરી છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 182**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ શોર ના કર
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૮૧

લોકલાજે માનવા પડશે રિવાજો, શોર ના કર,
બોલશે તો બાખડી પડશે સમાજો, શોર ના કર.

બેશરમ લોકો જ પાલવ નારનો સરકાવશે; ને,
એ જ કહેશે , રાખને થોડો મલાજો, શોર ના કર.

બંડ પર ઉતરી જશે દિલ, લાગશે જો વાત સાચી,
ને મગજ કહેશે, સમયનો છે તકાજો, શોર ના કર.

લાશ ડૂબાડી શકે જો, તો તને માનું સમંદર,
બેફિકર, મઝધારે ડૂબાડી જહાજો, શોર ના કર.

જીંદગીનાં પ્રશ્ન પર, જો સળવળે મડદું કફનમાં,
મોત કહેશે, જાય છે તારો જનાજો, શોર ના કર.

ઈશ્વરી ડૉક્ટર-"ઈશ" અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No :150**
વિષય : મનગમતી રચના
શીર્ષક : સંભવ છે.
પ્રકાર : પદ્ય ગઝલ શબ્દો : ૧૧૫

દર્પણ સામે કંઈ પથ્થર તૂટે, એ પણ સંભવ છે;
ઘરનો માણસ ખુદ ઘરને લૂંટે, એ પણ સંભવ છે.

આવે ભરતી દર પૂનમ પર એ તો સમજુ છું પણ;
ભરતી વખતે મોજાંઓ ખૂટે, એ પણ સંભવ છે.

વાવાઝોડામાં વહાણ ડૂબે, એ હું જાણું છું પણ;
રણની રેતીમાં ઊંટો ડૂબે, એ પણ સંભવ છે.

પાણી કૂવામાં ખૂટી પડશે, એ છો સૌ માને;
અંદરથી કોઈ ઝરણા ફૂટે એ પણ સંભવ છે.

પાળિયા વર્ષોથી ચૂપ બેઠા છે પાદરને શેઢે;
પાળિયાને પણ વાચા ફૂટે, એ પણ સંભવ છે.

જીવનરેખા લાંબી કરશે, લખતી લેખ વિધાતા;
એ વખતે ખીતો એનો તૂટે એ પણ સંભવ છે.

દેવેન્દ્ર જોશી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 370**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ રસનિધી

ઉપાડુ કલમને તારું નામ લખાઈ જાય છે,
યાદોના તાણાવાણામાં તો તું વણાઈ જાય છે.

કેમ કરી લખાય નવી કોઈ કવિતા?
હૃદય મારું તો તારી સાથે તણાઈ જાય છે.

ના નવા શબ્દો કે, નવા ગીતો મળે મને,
ડર લાગે છે રચનામાં મારી તું રચાઈ જાય છે.

પ્રણય આપણા સંબંધોને કેવા બાંધી રાખે?
અંતરના અંતરામાં તુ રસનિધી બની છવાઈ જાય છે.

રાતના ઉજાગરા ને દિવસના અજંપા જાપ,
શ્યામ આ રાધા તારી વાંસળીએ વર્તાઈ જાય છે.

એકમેકના હૃદયના આ મિલન થકી,
દુનિયાની રીત રસમ કેવા ભુલાઈ જાય છે.

મોરપીંછ તારા મૂગુટનું છે મંજૂર મને,
રૂબરૂ ના મળે, આભાસ તારો મલકાઈ જાય છે.

★ચંદન સોલંકી "મહેક"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 372**
વિષય : મનગમતી રચના.
શીર્ષક : છો સરકાર તમે શાનદાર!
પ્રકાર : પદ્ય શબ્દો : ૭૭

કોરોનાના કાળા કેર વચાળે, છો સરકાર તમે શાનદાર!
કુદરતી છે આફત આતો, છો સરકાર તમે શાનદાર!

વિપક્ષી નેતાઓ વાંધા શોધે, પક્ષ વાળા છોડે તીર;
બંનેના છે ગાલ ગુલાબી, છો સરકાર તમે શાનદાર!

કલમદારો પણ ભળ્યા એમાં, કાળા કોટ ને ગુલાબી અખબાર;
વાહવાહીના ટોળા વચાળે, છો સરકાર તમે શાનદાર!

હવાઈ મથકથી ઉઠી હેલી, શહેર, નગર ને ગામ;
શ્રમિકોના ટોળા વચાળે, છો સરકાર તમે શાનદાર!

ઉભરાતી હોસ્પિટલોમાં કેટલાયના ખૂટી પડ્યા છે શ્વાસ;
આશાભરી આંખો વચાળે, છો સરકાર તમે શાનદાર!

સંજય બી. મહેતા "પરિમલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOGSS NO: 376***
★વિષયઃ મનગમતી રચના★
★શીર્ષકઃ હા, હું કવિ છું★
★પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૯૭★

હા, હું કવિ છું, પુસ્તક જ મારું મિત્ર.
આપું છું હું સૌને, પ્રેરણા ને મનની શાંતિ... હા, હું..
શિયાળાની તાજગીમાં થતો તરવરાટ,
ક્યાં જઈને કોને કહું કેમ અનુભવું એ તાજગી.
ચાર દીવાલમાં જ કોમ્પ્યુટર કરે સહાય...હા, હું...
ઉનાળાનું આકાશ છોડે સેરો ગરમ.
વૈશાખી વાયરામાં રડે મારી કલમ.
એસી રૂમમાં બેસી કરું સહન. હા, હું...
વર્ષાની રાણી લાવે ધનની પતરાળી.
કવિની વાણી જાણે શબ્દોની પિચકારી.
કયાં જાયે, ગૂગલ હિતકારી.હા, હું...
અપેક્ષાની એક જ અપેક્ષા,
મળે સૌને પ્રેરણા, પુસ્તક કે કોમ્પ્યુટરથી.હા, હું...

અપેક્ષા શાહ ..અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - મનગમતી રચના
શીર્ષક - કલ્પનાની કલમે
પ્રકાર - પદ્ય , શબ્દ - ૯૫
.......................................
મારી કલ્પનાની કલમે ,
હૃદય ઉમંગમાં બોળી ,
મુંજ હૃદયને વાચા આપી ,
જાણે વેદનાનો સાથી બની..!

સુખમાં સરગમ બને,
ને કલમ સોના હૃદય સ્પર્શી જાય,
જાણે મારી હૃદય જીવતી જાગતી હથિયાર બને,
સુસંસ્કારોનું સિંચન કરે..!

કલ્પનાની કલમે મારા શબ્દો કાગળ પર ઢળી પડે,
લાગણીથી તરબોળ કાગળ પર પલળી ગયાં ,
પણ બંધ આંખે સંતાકૂકડી રમીને,
અંતરના ઊંડાણમાંથી ગૂજતી શબ્દની માળા...!

કલ્પનામાં ઉડાનને કલમમાં રોશની આવે,
લખીએ જ્યારે કવન ત્યારે કલમમાં રોશની આવે,
મા સરસ્વતીની વિણામાં તાલે છે...!

તલવારથી પણ સશક્ત આત્માનો અવાજ છે,
વિધિની પણ કેવી કરુણવક્રતા મૃત્યુદર વખતે,
પણ કલમને પણ હલાલ કરાય છે,
કેવી કલમની કહાની..!

રાગિની શુક્લ" રાગ"મુંબઈ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ સંસ્કારી ભાઈ - આદર્શ.
પ્રકારઃ ગદ્ય શબ્દ : ૩૩૩

'હે રૂડીબા, સાચું સુખ ક્યાં હોય છે? સંપત્તિમાં, સંતતિમાં કે સંસ્કારોમાં?'

સિધ્ધિ નો પ્રશ્ન અઘરો હતો. પરંતુ, રૂડીબા તો અનુભવોથી ઘડાયેલા પીઢ વ્યક્તિ એટલે પ્રેમથી પ્રત્યુતર આપ્યો. "જો બેટા, સંસ્કાર સારા હોય, તો મા-બાપને સુખ જ સુખ!" રામાયણ તો તું જુએ છે ને? એમાં જે ભાઈઓ છે એમને સંપત્તિની લાલચ ક્યાં હતી? રામ વનમાં જાય, લક્ષ્મણ સાથે ગયા અને ભરતે તો ગાદીનો અસ્વીકાર કર્યો હતો. કારણકે, એ અધિકાર મોટાભાઈનો હતો.
સિધ્ધિઃ બા, એ તો સતયુગની વાત છે, આ કળીયુગમાં તો ભાઈઓ એકબીજાના દુશ્મન હોય છે.
રૂડીબાઃ 'જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ.' રામ-લક્ષ્મણ આ યુગમાં પણ છે હો બેટા! જો તારી નજર પારખી શકે તો....
શેરબજારમાં રોકાણ કરેલા દર્શ ના રૂપિયા માર્કેટ તુટતા ધોવાય ગયા અને બધું જ ગુમાવી દીધું હતું. હવે, ખાવાના ફાંફા પડવા લાગ્યા. અચાનક એક મેસેજ આવ્યો, બેંકના ખાતામાં કરોડ રૂપિયા જમા થયા હતા. એ વાંચતા જ એની આંખો વરસી પડી. કારણકે, એ એકાઉન્ટ નંબર એના નાના ભાઈ આદર્શ નો હતો. ફોન પર વાત કરતા બાતમી મળી કે, કર્જમાં ડૂબેલા મોટાભાઈ કોઈ ખોટું પગલું 'ના' ભરે એ હેતુથી ગરીબ ભાઈએ પોતાની કીડની વેંચીને આ મદદ મોકલી હતી.

સિધ્ધિઃ (મનમાં) 'વાત તો બા ની સાચી છે, જ્યારે મને અને દર્શ ને ડોક્ટર એ 'આઈવીએફ ટ્રીટમેન્ટ' માટે કહેલું ત્યારે આદર્શ ભાઈએ જ રૂપિયા ખર્ચીને આ કુટુંબને વારસદાર અપાવવા મદદ કરી હતી. એમણે સંપત્તિમાં કંઈ માગ્યું પણ ન હતું. આદર્શ ભાઈ નાના છે, સમજદાર છે. હું ખરેખર! બહુ જ ભાગ્યશાળી છું કે આ કળીયુગમાં પણ રામ રાજ્યનો અનુભવ કરી રહી છું!'

જરૂર પડ્યે ભાઈને મદદરૂપ થવું એ સંસ્કારનું સિંચન ગીતાકાકીએ એમના બાળકમાં નાનપણથી જ કર્યું હતું. જો બાળકો સંસ્કારી હોય તો આવનારી આખી પેઢી અને સમાજ આદર્શભાઈ ની જેમ 'આદર્શ' બની શકે છે. બાકી ઔરંગઝેબ જેવા તો ભાઈઓના માથા કાપી થાળી સજાવે. આથી, આપણે જ નક્કી કરવું રહ્યું કે સારા સમાજના નિર્માણ માટે સૌથી વધુ શું જરૂરી છે?

દર્શ ને શીખ મળી કે કમાણી કરવાના શોર્ટકટ્સ હોતા નથી. ભૌતિક વસ્તુઓ ક્યારેય સુખ આપતી નથી, એ ફક્ત આપણી જરૂરિયાત સંતોષે છે. રૂપ, રૂપિયા અને રજવાડા આજે છે તો કાલે નથી. ભાઈચારો રાખવો એ જ ઉત્તમ છે.

નામઃ સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0092**
વિષય - મનગમતી રચના
શિર્ષક - એનું આગમન
પ્રકાર - પદ્ય.
આભાર - નિહારીકા રવિયા શબ્દો - ૧૦૧
નિરાશ મનમાં,
આશાનું પુષ્પ લગાવી ગયું.
આ કોણ છે જે મુજને,
મુજથી છોડાવી ગયું?

સ્વપ્નો જોવાના,
ભૂલી ગઈ હતી આંખો હવે.
ફરી એ કોરી આંખોમાં,
સપનાનો છોડ કોણ વાવી ગયું?

રંગોથી ડર લાગતો,
રંગીન શબ્દથી હતી ઘૃણા.
સાત રંગોના એ મેઘધનુષ,
ફરી કોણ જીવનમાં સજાવી ગયું?

ભરોસો હતો ના ખુદ પર,
ના વિશ્વાસ કરતું મન અન્ય પર.
મારા ભરોસામાં પોતાની દ્દઢતા,
કોણ આજે સમાવી ગયું?

બની રહે જીવનભરનો સંગ,
બસ એટલી જ પ્રાર્થના કરું.
રડતી આંખોને જે,
પુનઃ હરખાવી ગયું.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No/0044**
વિષય મનગમતી રચના
શીર્ષકઃ- યાદગાર સંભારણું.
પ્રકાર : ગદ્ય. શબ્દો : ૨૧૬

વિદાય લેતું ૨૦૨૩-૨૪ નું વર્ષ આપણાં સાહિત્ય સરિતા ગ્રુપના સભ્યો માટે યાદગાર સંભારણું બન્યું.ન્યુઝ ઓફ ગાંધીનગર ગુજરાત અને જન ફરિયાદનાં તંત્રી અને સંચાલક શ્રી પ્રદીપભાઈ રાવલને એક શુભ ઘડીએ સ્નેહ મિલનનો વિચાર આવ્યો, ગ્રુપમાં મૂકતાં જ સૌએ વધાવી લીધો.

દરેક કૃતિ સાથે રચયિતાનો ફોટો મૂકવાનો હોવાથી સૌ એકબીજાથી પરિચિત, રૂબરૂ મળવાની શુભ ઘડી ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ અમદાવાદ મુકામે નિર્ધારિત થઈ.

શ્રી પ્રદીપભાઈએ મને
બેન બનાવી મોટીનું બિરૂદ આપ્યું એ ધન્ય શુભ ઘડી, સાથે જ મારામાં વિશ્વાસ મૂકીને ગ્રુપની કૃતિઓનો પ્રતિભાવ આપવાની કામગીરી સોંપીને મારી પ્રતિભા ખીલવી.

સર્જક મિત્રોની કૃતિનો વીડિયો એડીટીંગ કરીને યુટ્યુબ પર મૂકીને દેશ-પરદેશમાં જાણીતા કરનાર મિનાક્ષી ભાભીનું કાર્ય ખરેખર પ્રશંસનીય છે.

મિત્રો, સ્નેહમિલનની શુભ ઘડીને વધાવવા ગીત તો ગાવું જ પડે ને!
આંગણે અવસર છે,અંતરમાં આનંદ છે (૨)
સાહિત્ય સરિતાના સ્નેહ મિલનનો, આનંદ અપાર છે (૨).
પ્રદિપભાઈ મિનાક્ષીબેન આવે છે, બહુમાન સૌનું કરે છે (૨)
બહુમાન કરીને,રાજી રાજી થાય છે (૨)
સર્જક મિત્રો આવે છે, સુંદર કૃતિ કંડારે છે (૨)
કૃતિનું રસપાન કરીને, આનંદ સૌ લે છે(૨)
આંગણે અવસર છે,અંતરમાં આનંદ છે (૨)
સાહિત્ય સરિતાના સ્નેહ મિલનનો, આનંદ અપાર છે (૨).

સંચાલક દંપતિની તડામાર તૈયારી અને સૌના સાથ સહકારથી આ શુભ ઘડીને યાદગાર સંભારણું બનાવીએ. ગમતાંનો ગુલાલ કરી સ્નેહ વર્ષામાં રંગાઈએ. સ્વસ્થ રહીએ,મસ્ત રહીએ અને લખતાં રહીએ અને બીજા સંમેલનની રાહ જોઈએ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog SS NO : 229**
વિષય : મનગમતી રચના
શિર્ષક : કાનુડાની માયા
પ્રકાર : પદ્ય. શબ્દો : ૧૫૦

માયા લગાડી ગયો રે, કાનુડો, માયા લગાડી ગયો ...!
મોકલે છે, ધરા ઉપર, રમવાને ફરવા માટે,રૂડુ રૂપાળું, જીવન જીવવા માટે, દેશવિદેશે ભમવા સાથે, ભવનું ભાથું ભરવા માટે ;

કાનુડો મારા, મનતણી મેડીએ, રાગરાગણી સુર સુરીલા સુંદર રેલાવે,રાતે ઊંઘાડીને,દિવસે જગાડે,વારે તહેવારે, ઉમંગે રાખે,દેહ કેરી પીડા,સદા ભુલાવે ;

કાનુડો દિસે,મારા અંતર ઝરૂખે, મીઠી નીંદરે, સપનાં દેખાડે,યાદો સજાવવા, સોનેરી તનડે, રંગ ચઢાવવા રૂપેરી મનડે,દિલની દુનિયાને,તાને ડોલાવી, અમર આશાઓ, હૈયે જગાવે ;

ગિરિધર ગુંજતો,મારા સુર સંગીતે ,તાલનેલયના ગજબના ગીતમાં,પ્રેમભક્તિમાં મને પાસે બોલાવે, મનમંદિરે, મીઠી તાનો રેલાવે ;

કાનુડો દોરે છે,જીવન મારું રે, નીત નવા રસ્તે, મુજને ચલાવે,ભક્તિને જ્ઞાનના માર્ગો દેખાડી,કર્મનો ઉપદેશ સતત સંભળાવી,દર્શન દેજો હરિ,હેત જગાડીને, મોક્ષના મારગે,હેતે રે દોરજો....!

પૂરી કરો ઈશ, આશા આ મારી,ભવતણી આ ભાવટ જલ્દી ભંગાવી,વદે 'પ્રપાશી' પ્રભુ, પ્રાર્થીને એટલું, પ્રભુ જીવન મારું,સદા સંભાળજો મોહિની લગાડી ગયો રે...!!! કાનુડો, માયા લગાડી ગયો...!!!

નામ : (પ્રપાશી) પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 0088**
વિષય : મનપસંદ રચના
શીર્ષક : ઈતિહાસ રચે
પ્રકાર : પદ્ય - શબ્દો : ૬૦

આભ ફાટ્યું છે છાંટે છાંટે;
સાંધશું કેમ એને ટાંકે ટાંકે!
એક સાંધતા જ્યાં તેર તૂટે,
ચાદર જીર્ણ થઈ સાંધે સાંધે.
મધરાતે સંચર્યા ચોર ધાડે;
ભસી કૂતરાં રુવે નાકે નાકે.
થોડી રાત ને વેશ છે ઝાઝા;
પરદા પડે જ્યાં વાતે વાતે.
બંકા વીરા જ્યાં ઠાની બેઠા;
રચે ઈતિહાસ થઈ પાને પાને.

ડૉ. મનીષા વ્યાસ ..અમદાવાદ

********************************

**NOG SS No. : 0141**
વિષય : "મનગમતી રચના"
શીર્ષક : "શીખવું પડે!"
પ્રકાર : ગદ્ય
શબ્દ સંખ્યા : ૩૫૦

અમો રહીએ છીએ તે ફલેટના ભોંયતળીયે ત્રણ ચકી, બે ચકા મેં જોયાં. બે ચકી લડતી હતી. ત્રીજી ચકી બંનેને છોડાવવાનો પ્રયત્ન કરતી હતી. ચકા ત્યાં જરા દૂર રહી ખેલ જોતા હતા. ચકીઓને શું વાંધો પડ્યો હશે? કેમ લડતી હશે? મારા માટે અનુમાનનો વિષય રહ્યો. એક ચકલીએ બીજી ચકલીના ગળા પર પગ(પંજો) મૂક્યો હતો અને શક્ય તેટલું દબાણ કરી રહી હતી. નીચે પડેલી ચકલી પાંખો ફફડાવીને છૂટવા મથી રહી હતી. હું ધ્યાનથી એમની ગતિવિધિ જોઈ રહ્યો.

મારા પૌત્રો પાસે આવીને કહેવા લાગ્યાઃ "દાદા સુ જુઓ સો?" મેં કહ્યુંઃ આ ચકલાં! તેઓ બોલ્યાઃ ચકલાં આ સું કરે?" ઊડી જતાં હોય તો? એમની જિજ્ઞાસાને સંતોષવા, મેં એમને એમ કહ્યું કેઃ "એ લોકો ધમાલમસ્તી કરે છે". એમને મારા જવાબથી સંતોષ થયો નહિ. તેઓ પણ, મારી સાથે તે ચકલાંની લડાઈલીલા નિરખવા લાગ્યા.

હું મનોમન વિચારવા લાગ્યો. આ સાવ ભોળાં ચકાચકીઓને શું વાંધો પડ્યો હશે? તેમને કોઈ ઘર નહોતાં, જમીન નહોતી, વાહન કે ધંધા નહોતાં, તો પણ? મારી વિચાર શ્રૃંખલા આગળ વધી. ચકાચકી જ કેમ? સારી સૃષ્ટિનાં પશુ, પક્ષી, પ્રાણી વગેરે સૌ પોતાના આહાર, વિસ્તાર, ક્ષેત્ર અને સંવનનના વિષયમાં જ હિંસક બને છે! ફક્ત મનુષ્ય સિવાય.

મેં ક્યાંય નથી જાણ્યું કે કોઈ વાનર કે પક્ષીએ કંઈક વસ્તુ હાથમાં લઈને બીજાને મારી હોય! કોઈ ચીજને હથિયાર બનાવ્યું હોય. કોઈને કશુંક ઘોંચ્યું હોય! ક્યાંક હથિયારોનું ઉત્પાદન અને સંગ્રહ કર્યો હોય, સાચવ્યાં હોય! કે પછી દુશ્મનને, કોઈ ઊંચી જગ્યાએ લઈ જઈ ઊંડી ખીણમાં ધક્કો માર્યો હોય!

અહીં જણાવ્યા એવાં વિચિત્ર અને અજાયબ વિચારો એમના મગજમાં શું આવતા જ નથી હોય? તેઓ તો જાતે લડવામાં માને. પોતાના પર જ વિશ્વાસ રાખે. પોતાના હાથ કે પગ(એમનાં ચાંચ, મસ્તક, પૂંછડી, પાંખ, શિંગડાં, નહોર, દાંત વગેરે)કે ઉભયનો ઉપયોગ કરે. એમને કોઈ ઉછીનું લાવવાનું નહિ, ચોરી કરવાની નહિ, તફડાવી લેવાનું નહિ.

વાહ! શું વાત છે... કેવી એમની અજાયબ દુનિયા. રસોઈ કરવાની નહિ, મહેમાન બોલાવવાના નહિ કે મહેમાન થઈ કોઈના ઘેર(દર, બખોલ, ગુફા, માળો વગેરેએ) જવાનું નહિ! પોતાના રક્ષણ માટે સ્વયમ્ પર જ વિશ્વાસ!

આપણ માનવજાતે એમનામાંથી શીખવું પડે. એટલે જ કદાચ આપણા સુધબુધવાળા તપસ્વી જ્ઞાની લોકો શાંતિ માટે વનમાં જતા હતા, આશ્રમ સ્થાપી, શાંતિથી નિસર્ગ સાથે રહેતા હતા.

લેખકનું નામઃ રસિકભાઈ વ. પરમાર "રવ"

# દેશ વિદેશના સહેલાણીઓએ દિવાળીમાં ગુજરાતના પ્રવાસન સ્થળોનો આનંદ માણ્યો



★ગાંધીનગર, ૨૫ નવેમ્બરઃ★ દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરું આકર્ષણ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વિશ્વસ્તરે લઇ જવા તેમજ પ્રવાસીઓના અનુભવને અભૂતપૂર્વ બનાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસિત કરવામાં આવી છે. પરિણામે, ઉત્તરોત્તર બહોળી સંખ્યામાં પ્રવાસીઓ રાજ્યના અનેરા સૌંદર્ય અને વિવિધતાને માણવા માટે પહોંચી રહ્યાં છે. આ વર્ષે દિવાળીની રજાઓ દરમિયાન તા. ૨૬ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધી વીસ દિવસના સમયગાળામાં, રાજ્યના ૧૬ પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની ૬૧ લાખ ૭૦ હજાર ૭૧૬ લોકોએ મુલાકાત લીધી હતી.

આ સમયગાળામાં ગુજરાતના પ્રસિદ્ધ આકર્ષણો અને યાત્રાધામ જેમ કે સ્ટેચ્યુ ઑફ યુનિટી-આકર્ષણો, અટલ બ્રિજ, રિવરફ્રન્ટ ફ્લાવર પાર્ક, કાંકરિયા તળાવ, પાવાગઢ મંદિર, અંબાજી મંદિર, ગિરનાર રોપવે, સાયન્સ સિટી, વડનગર, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, નડાબેટ, મોઢેરા સૂર્ય મંદિર, સ્મૃતિવન, ગીર અને દેવળીયા તેમજ દાંડી સ્મારક ખાતે બહોળી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા. અમદાવાદમાં સાડા પાંચ લાખથી વધુ પ્રવાસીઓએ કાંકરિયા પરિસરમાં વિવિધ આકર્ષણોની મોજ માણી હતી. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અને મંદિરોમાં સૌથી વધુ દ્વારકામાં ૧૩ લાખથી વધુ લોકો દર્શનાર્થે આવ્યા હતાં.

◦★ક્રમાંક પ્રવાસન સ્થળ પ્રવાસીઓની સંખ્યા★◦

૧ ★સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આકર્ષણો★ ૪,૯૦,૧૫૧

૨ ★અટલ બ્રિજ★ ૧,૭૭,૦૬૦

૩ ★રિવરફ્રન્ટ ફ્લાવર પાર્ક★ ૧૬,૨૯૨

૪ ★કાંકરિયા તળાવ★ ૫,૯૫,૧૭૮

૫ ★પાવગઢ મંદિર અને રોપવે સુવિધા★ ૮,૯૨,૧૨૬

૬ ★અંબાજી મંદિર, શક્તિપીઠ પરિક્રમા,ગબ્બર રોપવે અને અન્ય★ ૧૨,૦૮,૨૭૩

૭ ★ગીરનાર રોપવે★ ૧,૦૫,૦૯૨

૮ ★સાયન્સ સિટી (મ્યુઝિકલ ફાઉન્ટેન સહિત)★ ૧,૦૨,૪૩૮

૯ ★વડનગર આકર્ષણો★ ૭૪,૧૮૯

૧૦ ★સોમનાથ મંદિર★ ૮,૬૬,૭૨૦

૧૧ ★દ્વારકા મંદિર★ ૧૩,૪૩,૩૯૦

૧૨ ★નડાબેટ★ ૬૪,૭૪૫

૧૩ ★મોઢેરા સૂર્ય મંદિર★ ૪૫,૩૭૫

૧૪ ★સ્મૃતિવન સ્મારક, ભુજ★ ૪૫,૫૨૭

૧૫ ★ગીર જંગલ સફારી ₹ દેવળીયા જીપ અને બસ સફારી★ ૧,૧૩,૬૮૧

૧૬ ★દાંડી સ્મારક★ ૩૦,૪૭૯

◦★કુલ પ્રવાસીઓની સંખ્યા ૬૧,૭૦,૭૧૬★◦

★કચ્છમાં રણોત્સવ શરૂ, ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી★

દેશ વિદેશના પ્રવાસીઓના ફેવરિટ ગણાતા રણોત્સવની શરૂઆત થઇ ગઇ છે. રણોત્સવની મુલાકાત દરમ્યાન પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ યોજવામાં આવે છે. રણોત્સવ ૨૦૨૪-૨૫માં એડ્વેન્ચર ઝોન (૨૦ અલગ-અલગ એડ્વેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે પેરા મોટરિંગ, એ.ટી.વી રાઈડ વગેરે), ચિલ્ડ્રન એક્ટિવિટી



વિથ ફન/નોલેજ પાર્ક (૧૦ અલગ-અલગ પ્રવૃત્તિઓ જેમ કે, ન્યુટ્રિશનની સમજ આપતી ગેમ અને એક્ટિવિટી, વી. આર ગેમ ઝોન વગેરે)નું આયોજન કરવામાં આવ્યું છે.

★૮-૨૦ બેઠકોના આયોજનથી રાજ્યના પ્રવાસન આકર્ષણો દુનિયાભરમાં પહોંચ્યા★ભારતની યજમાનીમાં આયોજિત થયેલી ૮-૨૦ બેઠકોનો એક દોર ગુજરાતમાં પણ રહ્યો હતો. રાજ્ય સરકારે, કચ્છના ધોરડો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળોએ ૮-૨૦ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન કરીને, ૮-૨૦ દેશના પ્રતિનિધિઓને રાજ્યના સમૃદ્ધ વારસાનો પરિચય કરાવ્યો હતો. ૮-૨૦ પ્રતિનિધિઓએ ધોળાવીરા, મોઢેરા સૂર્યમંદિર, અમદાવાદનો ઐતિહાસિક વારસો, ગિફ્ટ સિટી અને દાંડી કુટીર સહિતના આકર્ષણોની મુલાકાત લઈને તેની સરાહના કરી હતી. પ્રાચીન નગરોની મુલાકાત તેમના માટે એક યાદગાર સંભારણું બની હતી અને તેમના પ્રતિભાવોમાં તેમણે જણાવ્યું હતું કે આ સમગ્ર વિશ્વની ધરોહર છે, જેને આવનારી પેઢી માટે સાચવી રાખવી જરૂરી છે.

# ઓલ ઈન્ડિયા યૂથ કૌંગ્રેસના પ્રમુખ ઉદયભાનુ ચિબનો ગુજરાત ખાતે ત્રણ દિવસનો પ્રવાસ

રાજકોટ ખાતે 'શક્તિ સુપર શી' મહિલા ટીમ દ્વારા શક્તિ સંગમ- ધ વોઇસ ઓફ વુમન કાર્યકમ યોજવામાં આવશે અને મુંન્દ્ર- કચ્છ ખાતે 'નોકરી દો, નશા નહીઁ' યૂથ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમનું આયોજન અમદાવાદ ખાતે ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદયભાનુ ચિબ પ્રદેશની યુવા કોંગ્રેસની વિસ્તૃત કારોબારીમાં ઉપસ્થિત રહેશે



તાજેતરમાં ઓલ ઈન્ડિયા યૂથ કોંગ્રેસના પ્રમુખ તરીકે ઉદયભાનુ ચિબની પસંદગી કરવામાં આવી હતી. ત્યાર બાદ ગુજરાત રાજ્યના ત્રણ દિવસના પ્રથમ વખત પ્રવાસે આવી રહ્યા છે. આ મહિનામાં તા. ૨૭, ૨૮ અને ૨૯ના દિવસે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ભાગ લેશે અને તાલુકા, જિલ્લા અને પ્રદેશના હોદેદારો સાથે વિસ્તૃત કારોબારીમાં પણ ખાસ ઉપસ્થિત રહેશે અને આગામી યુવા કોંગ્રેસની કામગીરી અંગે ચર્ચા વિચારણા કરશે.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ ઋતુરાજસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં યુવાનોની અનેક સમસ્યા છે . આજના યુવા પાસે નોકરી નથી અને સરકાર ઉલટાનું નશાના રવાડે ચડાવીને યુવાને બરબાદ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદયભાનુ ચિબના અધ્યક્ષસ્થાને કરવામાં આવશે. તા. ૨૭ના દિવસે રાજકોટ ખાતે શક્તિ સુપર શી ના અને તા. ૨૮ના દિવસે મુંન્દ્ર- કચ્છ ખાતે ' નોકરી દો, નશા નહીઁ' કાર્યક્રમ યોજવામાં આવશે અને તા. ૨૯મીએ અમદાવાદ ખાતે ઠાકોરભાઈ દેસાઈ હોલ , લો ગાર્ડન ખાતે નોકરી દો, નશા નહીઁ' કાર્યકમ યોજવામાં આવશે.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ ઉપપ્રમુખ આદિત્યસિંહ ગોહિલે આ અંગે માહિતી આપતા જણાવ્યું ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા રાજકોટ ખાતે ૨૭. ૧૧. ૨૦૨૪ના દિવસે હેમુ ગઢવી હૉલ ખાતે ' શક્તિ સુપર શી'નો કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં ગુજરાત રાજ્યમાંથી ' શક્તિ સુપર શી'ની મહિલા હોદેદારો ઉપસ્થિત રહેશે અને ગુજરાતની મહિલા શક્તિ સંગમ થશે. ગુજરાત રાજ્યમાં મહિલાઓની દિનપ્રતિદિન પરિસ્થિત કથળતી જાય છે. ખાસ કરીને આજ સમયમાં નશાનું પ્રમાણ વધતું જાય છે તેના લીધે પારિવારિક રીતે ગંભીર અસર થાય છે જેથી કરીને અનેક કુટુંબો બરબાદ થઈ રહ્યા છે, ગુજરાની અંદર છેલ્લા ૨૭ વર્ષથી ભાજપની સરકાર છે પરંતુ બેફામ રીતે ડ્રગ્સનું મોટા પ્રમાણમાં ગુજરાત રાજ્યમાં ગૂસાડવામાં આવી રહ્યું છે તે ક્યાંકને ક્યાંક સરકારના ઈશારે કામ થઈ રહ્યું છે અને ભાજપ સરકારને અદાણી બચાવવામાં રસ છે, યુવાનોને નોકરી આપવામાં નહીં તેવા આરોપ યુથ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે. યુથ કોંગ્રેસ દ્વારા આયોજિત કાર્યકમમાં 'શક્તિ સંગમ- ધ વોઇસ ઓફ વુમન' કાર્યકમમાં મહિલાનો પ્રેરણા મળે તેવું હેતુસર કાર્યકમનું આયોજન કરવામાં આવેલ છે આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મીડીયા ચેરમેન અને મહામંત્રી મુકેશ આંજણા, ડૉ. પ્રવિણસિંહ વણોલ, અમદાવાદ શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ વિશાલસિંહ ગુર્જર, કાર્યકારી પ્રમુખ ઈમરાન શેઠજી વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.



આજે ૨૫/૧૧/૨૦૨૪ ના રોજ ઈન્ટર સ્કૂલ ડિબેટ સ્પર્ધા અમરજ્યોતિ સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ , ભાવનગર ખાતે યોજાઈ હતી,

જેમાં ★KPES હાઈસ્કૂલ★ ના વિદ્યાર્થીઓએ વિશાલસસરના માર્ગદર્શન સાથે ભાગ લીધો હતોધો-૯ની વિદ્યાર્થીનીઓ કોટડિયા પ્રાચી અને સ્વેતા સિંઘે *Is space explroation a waste of Manoey ?* એ વિષય પર ડિબેટ કરી . શાહ હિતાર્થ અને પારેખ ધ્રુવીલે પણ *Should punishment be given to students in the school ?* વિશે ડિબેટ કરી હતી ધ્રુવિલ અને હિતાર્થે ડીબેટમાં ત્રીજા ક્રમાંકે રહ્યા, અને બધા સહભાગીઓને પ્રમાણપત્ર પ્રાપ્ત થયું. KPES ની ટીમને અભિનંદન..

# એમસીએફમાં ડબલ્સ ધમાકા




બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં આયોજિત ડબલ્સ ધમાકા ઈવેન્ટમાં ૬૦ સ્પર્ધકે ભાગ લીધો હતો. ફેધર ફાઈટર્સ ટીમ વિજેતા અને ફ્લિક માસ્ટર્સ રનર અપ રહી હતી. વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

અગાઉ ટેબલ ટેનિસ પ્રીમિયર લીગ સન સ્ટારે જીતી હતી અને જે ડી માર્વેલ્સ ટીમ બીજી આવી હતી. આ બોરીવલી કાંદિવલી ટેબલ ટેનિસ પ્રીમિયર લીગમાં લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.કેરમ, વૉલીબૉલ પ્રીમિયર લીગ ટુર્નામેન્ટમાં પણ સ્પર્ધકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. થ્રો બોલ ટુર્નામેન્ટનું પણ મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા આયોજન કરાયું હતું.

# નવેંબર ૨૬, ૨૦૦૮




ગોઝારો દિવસ યાદ આવે તો પણ કંપારી છૂટે. ૧૬ વર્ષોના વહાણા વાયા. હજુ તેની કળ વળી નથી. મારા અને તમારા જેવાના જિવનમાં કોઈ ફરક ન જણાય !પૂછી જુઓ તેમને, જેમણે એ તાંડવમાં પોતાના વહાલા સ્વજનો ગુમાવ્યા. શ્રી. રતન ટાટા આજે આપણિ વચ્ચે નથી છતાં તેમને બે હાથ જોડી પ્રણામ કર્યા વગર રહી શકતી નથી. તેમને ત્યાં કામ કરતી દરેક વ્યક્તિને પડખે ઉભા રહ્યા. તેમને જિવનભર દુઃખ ન પડે તેવી જોગવાઈ કરી.

કોંગ્રેસની સરકારે શું ઉકાળ્યું ? એ વર્ષ દરમિયાન ભારતમાં હતી. બનાવ કાળે બેંગ્લોરમા હતી. કિંતુ પછી નજરો નજર નિહાળ્યું છે. છેલ્લા ૧૨ વર્ષથી ભારતમાં આતંકવાદીઓના હુમલા થયા નથી, એ ખરેખર સુંદર વાત છે.૧૯૯૩મા થયેલા આતંકવાદના હુમલા વખતે તો ફસાઈ હતી. ચાર કલાક બાંદ્રા પરની ચર્ચમાં આશરો લીધો હતો. આતંકવાદના ઓળા હવે હળવા થયા છે. કિંતુ લડાઈઆ રણ અશિંગા ફુકાઈ રહ્યા છે.૨૧મી સદીનો માનવી કઈ દિશામાં પ્રગતિ કરી રહ્યો છે, એ કોયડો સુલઝાવવો સરળ નથી. 'પાંચ રતલની' આ મનવીની ખોપરીમાં શું ભરાયું છે.શાંતિ તેને ખપતી નથી. લોહી ઉકાળા રગ રગમાં ફરે છે. લાગે છે 'ભગવાને પણ હાથ ધોઈ નાખ્યા છે' !

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ના સતત જાપ કરીએ. જેનો પડઘો સમસ્ત પૃથ્વી પર ફરી વળે. શેતાનોના કાનમાં જઈ સંભળાય. તેમની મતિ બદલાય !

## ડાંગના ઉત્તર વન વિભાગના કોટબા ગામથી મળી આવેલ દીપડીના બચ્ચાને રેસ્ક્યું કરી સાવચેતી પુર્વક જંગલમાં છોડવામાં આવ્યું

આહવા

ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશભાઇ રબારીના માર્ગદર્શન હેઠળ લવચાલી રેંન્જ ફોરેસ્ટ ઓફીસર શ્રી અર્ચના હીરા અને તેઓની ટીમ દ્વારા આજરોજ તેઓના કાર્યવિસ્તારમાં આવતાં કોટબા ગામમાં દીપડીના બચ્ચાને સહિસલામત રેસ્ક્યું કરી સાવચેતી પુર્વક જંગલમાં છોડવામાં આવ્યું હતું.



વન વિભાગ તરફથી મળેલ વિગતો અનુસાર કોટબા ગામના શ્રી અમરદીપભાઈના ઘરના વાડાની ફેંસીગમાં દીપડીનું બચ્ચુ ફસાયેલ જોવા મળ્યું હતું. જેથી ઘર માલીકે બચ્ચાને ફેંસીગ માંથી બહાર કાઢીને લવચાલી રેંન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીને જાણ કરવામાં આવી હતી. જે બાદ વન વિભાગની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઇ બચ્ચાને તંદુરસ્ત હાલતમાં રેસ્ક્યું કરી વેટનરી ડોક્ટર જોડે કન્સલ્ટીગ કરી બચ્ચાની હાલત તંદુરસ્ત જણાતા તેને સહિસલામત જંગલમાં છોડવામાં આવ્યું હતું. વધુમાં વન વિભાગની ટીમ દ્વારા સ્થાનિક લોકોને દીપડાથી સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## લોકસભા દંડક તેમજ વલસાડ ડાંગ સાંસદ શ્રી ધવલભાઈ પટેલનો શ્રેષ્ઠ કામગીરી ની પાલધર ની જનતા ભારે ઉત્સાહીત



આહવા-ડાંગ

પાલઘરમાં વરસો થી કબજો જમાવેલી બેઠકમાં ભાજપે જીતી.મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણી માં પાલઘર લોકસભા બેઠકમા સમાવિષ્ટ ૬'' વિધાનસભા માંથી ૬'' વિધાનસભા માં ભારતીય જનતા પાર્ટી ના ઉમેદવારો ભવ્ય વિજય તરફ઼પ

લોકસભાના દંડક તેમજ વલસાડ ના સાંસદ શ્રી શ્રી ઘવલભાઈ પટેલ નો પાલઘર જીલ્લા ની તમામ વિધાનસભા મા સતત પ્રવાસ, પરિશ્રમ થી ભવ્ય જીત બદલ મળી એ બદલ ખુબ ખૂબ અભિનંદન

**★ન્યૂઝ ઓફ ગાંધીનગર તરફથી ધવલ પટેલ શ્રી ને ખૂબ ખૂબ અભિનંદન★**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.